Declaration



## STATEMENT OF ORIGINAL WORK

મારો આ શોધનિબંધ 'સરોજ પાઠકનું કથાસાહિત્ય : આધુનિક ગુજરાતી કથાસાહિત્યના સંદર્ભમાં' શીર્ષકથી રજૂ થાય છે એમાં સરોજ પાઠકની વાર્તા-નવલકથાના વિશેષોને સમકાલીન ગુજરાતી વાર્તા-નવલકથાની ભૂમિકા સાથે મેં તપાસી છે.

સરોજ પાઠકની કેટલીક વધુ નોંધપાત્ર નવલકથાઓને તેમજ વાર્તા/વાર્તા-સંગ્રહોને અવલોકવાના ને એની વિગતે સમીક્ષા કરવાના પ્રયાસો ગુજરાતી સાહિત્યમાં થતા રહ્યા છે પરંતુ એમના કથાસાહિત્યને સમગ્ર રીતે – ને વિશેષ દષ્ટિકોણથી – તપાસવાનો, મારા નમ્ર મતે, આ પહેલો પ્રયાસ છે. ને એ અર્થમાં એ મૌલિક છે.

આ મૌલિક – પોતીકી – તપાસ હોવાનું નીચેનાં કારણોસર કહી શકાશે :

૧. કર્તાલક્ષી અભ્યાસો સામાન્ય રીતે બે બાબતોને વિસ્તારથી આલેખતા હોય છે : કર્તાનું જીવન તથા કર્તાએ જે સ્વરૂપમાં કામ કર્યું હોય એના ખૂબ દૂરના સમયથી સમકાલીન સમય સુધીનો ઇતિહાસ. એને લીધે ઘણી બાબતો બિનજરૂરી રીતે પ્રવેશી જાય છે ને પ્રસ્તારનો અનુભવ થાય છે.

અહીં મેં જીવનસંદર્ભ તેમજ સમકાલીન સાહિત્યસંદર્ભની વાત તો કરી જ છે પણ સરોજ પાઠકના સાહિત્યને પ્રસ્તુત નીવડી હોય, પ્રભાવક કરનાર નીવડી હોય એવી જીવનવિગતોને જ તુલનાદષ્ટિએ તપાસી છે. સમકાલીન કથાસાહિત્યને પણ મહત્ત્વનાં પરિબળો તથા વિશેષોના સંદર્ભમાં – મુખ્ય સર્જકોની મહત્ત્વની કૃતિઓની વિશેષતા બતાવીને – તપાસ્યું છે. સંલગ્ન ન હોય એની ચર્ચા કે એના નિર્દેશો કર્યા નથી. પરિણામે સીધી જ મૂળ વાત સાથેનો તંતુ પકડી શકાયો છે.

૨. કૃતિસમીક્ષાઓ ને વિશ્લેષણ-વિવરણો વ્યાપક રીતે ન મૂકતાં મેં મુખ્ય ઘટકવિશેષોના સંદર્ભમાં કૃતિચર્ચા કરી છે. જેમકે, નવલકથા વાર્તાનાં બે મુખ્ય ઘટકો–કથાની સંકલના અને

પાત્રોનું ચિત્રણ–ની દષ્ટિએ એમની પ્રત્યેક નવલકથા ને મહત્ત્વની વાર્તા કૃતિઓને તપાસી છે. પણ એ ઉપરાંત કથનકેન્દ્ર, મનોવૈજ્ઞાનિક અભિગમ અને નારીવાદી દષ્ટિકોણ – જેવાં ઘટકોને લઈને પણ એમની પ્રત્યેક કૃતિને તપાસી છે ને મહત્ત્વનાં તારણ મૂક્યાં છે. કહેવું જોઈએ કે આ ત્રણ ઘટકો/વિશેષો નવલકથાને તપાસવાનાં આધુનિક ઓજાર છે. ને એ પણ કહેવું જોઈએ કે આ રીતે તપાસનાં સરોજ પાઠકની સર્જકતા વિશેષ ઊપસી છે.

૩. આ બધામાં મારો અભિગમ તુલનાદર્શી રહ્યો છે. એક જ ઘટક વિવિધ કૃતિઓની કેવી શક્તિઓ પ્રગટ કરે છે એ બતાવવામાં આ તુલનાદષ્ટિ ઘણી ઉપયોગી સાબિત થઈ છે. એને લીધે એક વિકાસક આલેખ ઉપસાવી શકાયો છે.

૪. દરેક ઘટકની, આવશ્યક ભૂમિકા રૂપે તે-તે ઘટકની વિભાવના સ્પષ્ટ કરવાનો પણ પ્રત્યેક પેટા-ખંડમાં, પ્રયાસ કર્યો છે.

આ બધાને કારણે, સરોજ પાઠકના સાહિત્યને તપાસવાની નવી દષ્ટિનો પડકાર ઝીલવાનો આવ્યો છે ને એ માટે મેં યથાશક્તિ શ્રમ કર્યો છે.

Ulpandya

(ઉર્વશી પંડ્યા)